# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-04-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

---

- ગુજરાતની લોકસભાની 26 અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાનો આવતીકાલે છેલ્લો દિવસ..
- ગાંધીનગર લોકસભા બેઠકના ઉમેદવાર અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે તેમના મતવિસ્તારમાં પ્રચાર કાર્ય શરૂ કર્યો- ભાજપના અનુરાગસિંહ ઠાકુરે જામનગરમાં જાહેરસભા યોજી...
- રાજ્યની લોકસભાની 26 અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકો માટે આજે પણ કોંગ્રેસ, ભાજપ સહિત વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારોએ ઉમેદવારીપત્રો ભર્યા..
- નેશનલ ગ્રીન હાઇડ્રોજન મિશનના આગામી 2030 સુધીમાં વાર્ષિક 50 લાખ મેટ્રિક ટનથી વધુ હાઇડ્રોજન ઉત્પાદનના મહત્વાકાંક્ષી લક્ષ્યાંકને હાંસલ કરવામાં ઊર્જા સંગ્રહ નિર્ણાયક ભૂમિકા ભજવશે..
- માધવપુરના લોકમેળામાં બીચ રમતોત્સવનો આજથી પ્રારંભ થયો..
- રાજ્યમાં ફરી વળેલું ગરમીનું મોજું આજે પણ યથાવત- સૌથી વધુ 44 ડિગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન અમરેલી, રાજકોટ અને વડોદરામાં નોંધાયું...

-------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Election Camping

ગુજરાતની લોકસભાની 26 બેઠકોની સામાન્ય અને રાજ્યવિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે આગામી સાતમી મેના રોજ મતદાન થશે. તે માટેના ઉમેદવારી પત્રો ભરવાનો આવતીકાલે છેલ્લો દિવસ છે. ઉમેવારીપત્રોની ચકાસણી 20મી એપ્રિલ થશે, જ્યારે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 22મી એપ્રિલ હોવાથી ચૂંટણી જંગમાં કેટલા ઉમેદવારો રહ્યા છે તેની માહિતી 22મી સાંજે થશે.

ઉલ્લેખનીય છે કે, સાતમી મે ના રોજ ત્રીજા તબક્કાની લોકસભાની ચૂંટણીમાં 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની 94 બેઠકો માટે મતદાન થવાનું છે.

દરમિયાન લોકસભાની ચોથા તબક્કાની 13મી મે ના રોજ યોજાનારી ચૂંટણી માટે આજે જાહેરનામું બહાર પડતા ઉમેદવારી પત્રો સ્વીકારવાનો પ્રારંભ થયો છે. ચોથા તબક્કામાં નવ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની લોકસભાની 96 બેઠકો માટે મતદાન થવાનું છે. આ માટે આગામી 25મી એપ્રિલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે.

લોકસભાની પહેલા તબક્કાની આવતીકાલે યોજાનારી ચૂંટણીમાં 17 રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની 102 બેઠકો માટે મતદાન થશે. મતદાન આવતીકાલે સવારના સાત વાગ્યાથી શરૂ થશે. કેન્દ્રિય ચૂંટણી પંચે પહેલાં તબક્કામાં એક લાખ, 63 હજાર મતદાન મથકો ઉભા કર્યા છે. પહેલા તબક્કામાં 16 કરોડ, 63 લાખ, મતદારો મતદાનનો અધિકાર ધરાવે છે.

પહેલા તબક્કાના મતદાનમાં ભાજપના નીતિન ગડકરી, સર્વાનંદ સોનોવાલ, કિરણ રિજીજુ અને જીતેન્દ્રસિંહ તેમજ કોંગ્રેસના ગૌરવ ગોગોઈ, કાર્તિ ચિંદમ્બરમ, અને ડીએમએકના દયાનિધિ મારન સહિત કુલ એક હજાર, 625 ઉમેદવારોનું રાજકીય ભવિષ્ય આવતીકાલે મતદારો નિર્ધારિત કરશે.

# Guj. ELECTION UPDATE

ગાંધીનગર લોકસભા બેઠકના ઉમેદવાર અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે તેમના મતવિસ્તારમાં ચૂંટણી પ્રચાર શરૂ કર્યો હતો.

આજે સવારે ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં આવતા સાણંદ, કલોલ અમદાવાદ શહેરમાં જીવરાજપાર્ક ચાર રસ્તા પર રોડ-શો કર્યા હતા. આ રોડ શોમાં બહુ જ મોટી સંખ્યામાં લોકો જોવા મળ્યા હતા. રસ્તાની બંને બાજુ લોકોની ભીડ જોવા મળી હતી. આ રોડ-શોમાં ભારતીય જનતા પાર્ટીના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા હતા. બીસીસીઆઇના સેક્રેટરી જય શાહ પણ રોડ-શોમાં જોડાયા હતા. શ્રી શાહ રાત્રે આઠ વાગ્યે અમદાવાદના વેજલપુરમાં જાહેરસભાને સંબોધન કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમિત શાહ આવતીકાલે ગાંધીનગર લોકસભા બેઠક પરથી ઉમેદવારીપત્ર ભરશે.

ભાજપના નેતા અને માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુર આજે જામનગરમાં જાહેર સભા સંબોધી હતી.

## (બાઇટ- અનુરાગ ઠાકુર)

ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે નવસારીમાં રોડ શો યોજ્યો છે. તેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, ગુજરાત પ્રદેશના સંગઠન મહામંત્રી રત્નાકર, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના મહાનુભાવો જોડાયા હતા. નવસારીના તેમના મધ્યસ્થ કાર્યાલય ખાતેથી રોડ-શોનું પ્રસ્થાન થયું હતું. સી.આર. પાટિલ આવતીકાલે નવસારી લોકસભા બેઠક ઉપરથી તેમનું ઉમેદવારીપત્ર ભરશે.

# GUJ. NOMINATION FORM

રાજ્યની લોકસભાની 26 અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ ભઠકો માટે આજે પણ વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારોએ ઉમેદવારીપત્રો ભર્યા છે...

અમરેલી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર ભરત સુતરિયાએ અમરેલીમાં જાહેરસભા બાદ ઉમેદવારીપત્ર ભર્યું હતું. આ પ્રસંગે ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પાટણ બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર ચંદનજી ઠાકોરે, અમદાવાદ પૂર્વ બેઠકથી હિંમતસિંહ પટેલે, જૂનાગઢ બેઠક પરથી હીરાભાઇ જોટવાએ, આણંદ બેઠક પરથી અમિત ચાવડાએ, ખેડા બેઠક પરથી કાળુસિંહ ડાભીએ, દાહોદ બેઠક પરથી ડો. પ્રભાબેન તાવીયાડ, વડોદરા બેઠક પરથી જસપાલસિંહ પઢિયારે અને સુરત લોકસભા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીએ ઉમેદવારી પત્ર ભર્યું હતું.

છોટા ઉદેપુર લોકસભા બેઠક પરથી ભારત આદિવાસી પાર્ટીના ઉમેદવાર જામસિંઘભાઇ હીરાભાઇ રાઠવાએ જ્યારે બીએસપીમાંથી સોમાભાઇ ગોકળભાઇ ભીલે ઉમેદવારી પત્ર ભર્યું છે.

ભરૂચ લોકસભા બેઠક પરથી આપના ઉમેદવાર ચૈતર વસાવાએ ઉમેદવારી પત્ર ભર્યું છે... આમ આદમી પાર્ટીના કાર્યકરો સહિત તેમના પરિવારજનો આ પ્રસંગે હાજર રહ્યા હતા.

# IREDA- GIFT CITY

નેશનલ ગ્રીન હાઇડ્રોજન મિશનના આગામી 2030 સુધીમાં વાર્ષિક 50 લાખ મેટ્રિક ટનથી વધુ હાઇડ્રોજન ઉત્પાદનના મહત્વાકાંક્ષી લક્ષ્યાંકને હાંસલ કરવામાં ઊર્જા સંગ્રહ નિર્ણાયક ભૂમિકા ભજવશે..

ભારતીય પુનઃપ્રાપ્ય ઉર્જા વિકાસ એજન્સી IREDAના અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર પ્રદિપ કુમાર દાસે અબુધાબીમાં તાજેતરમાં યોજાયેલી વિશ્વની ભાવિ ઉર્જા અંગેની પરિષદમાં આયોજિત "લાંબા સમયગાળાના ઉર્જા સંગ્રહ

માટે ભાવિ વૃદ્ધિની તકો" પર પેનલ ચર્ચામાં ભાગ લેતાં આ મુજબ જણાવ્યું હતું...

તેમણે સ્ટોરેજ ટેક્નોલોજીની પ્રગતિ માટે ખર્ચ ઘટાડવા અને સંશોધન અને વિકાસના પ્રયાસો વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે એનર્જી સ્ટોરેજ હેતુથી પુરવઠાની શ્રેણીના નેટવર્કને મજબૂત બનાવતી નીતિઓના અમલીકરણની જરૂરિયાતો સમજાવી હતી.

શ્રી પ્રદિપકુમાર દાસે વધુમાં જણાવ્યું હતું કે, ભારતે આ દિશામાં સક્રિય પગલાં લીધાં છે, જેમાં વર્ષ 2047 સુધી સ્ટોરેજ જરૂરિયાતનું આયોજન, બેટરી ઉત્પાદન અને પમ્પ્ડ સ્ટોરેજ હાઇડ્રોપાવર પ્રોજેક્ટ્સ માટે સહાયક સરકારી હસ્તક્ષેપ વગેરેનો સમાવેશ થાય છે. ભારતીય કેન્દ્રીય વીજ સત્તામંડળે આગામી 2030-32 સુધીમાં લગભગ 400 ગીગાવોટ કલાક (GWh)ની ઉર્જા સંગ્રહ જરૂરિયાતનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે, જેમાં સાડા ત્રણ કરોડ રૂપિયાથી વધુના અંદાજિત રોકાણની જરૂરિયાત છે.

તેમણે કહ્યું કે, IREDAએ ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં ઓફિસ શરૂ કરી છે, જે વિદેશી ચલણમાં ધિરાણના વિકલ્પો પુરા પાડશે. જેનાથી કુદરતી હેજિંગને સુવિધા મળશે અને ગ્રીન હાઇડ્રોજન અને રિન્યુએબલ એનર્જી મેન્યુફેક્ચરિંગ પ્રોજેક્ટ્સ માટે ધિરાણ ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કરી શકાશે.

# BEACH FESTIVAL

માધવપુરના લોકમેળામાં બીચ રમતોત્સવનો આજથી પ્રારંભ થયો છે. આગામી 20મી એપ્રિલ સુધી ચાલનાર બીચ રમતોત્સવનું ગઇકાલે વિધિવત ઉદઘાટન કરાયું હતું... સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા આયોજીત આ બીચ રમતોત્સવમાં જુડો અને ટેક્વેન્ડોની સ્પર્ધા તેમજ બીચ હેન્ડબોલ, બીચ વોલીબોલ. સાઈટ ફૂટબોલ, બીચ કબડ્ડી, બીચ દોડ, રસ્સાખેંચ જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી રહી છે. આ સ્પર્ધામાં ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોના રમતવીરો ભાગ લઇ રહ્યા છે.

આ ઉપરાંત, પોરબંદરના માધવપુર બીચ ઉપર માધવપુર મેળામાં દરિયાકાંઠે રેતી શિલ્પ મહોત્સવ પણ યોજાઇ રહ્યો છે, આગામી ૨૧ એપ્રિલ સુધી યોજાનાર રેતી શિલ્પ મહોત્સવમાં ગુજરાતના ૩૦ થી ૩૫ કલાકારો રેત શિલ્પ કૃતિઓ રજૂ કરવામાં આવી છે. જેમાં કલાકારોએ રુક્ષ્મણી હરણ, માધવ વિવાહ, માધવપુર મેળાની પ્રતિકૃતિ, મોરપીંછ, શંખ, રામ મંદિર, મતદાન જાગૃતિ, જેવા રેતી શિલ્પ તૈયાર કર્યા છે.

# PATAN- LOKSABHA ELECTION

પાટણ લોકસભા બેઠક ત્રણ જીલ્લાઓને આવરી લેતી બેઠક છે. બનાસકાંઠા જીલ્લાની બે, મહેસાણા જીલ્લાની એક અને પાટણ જીલ્લાની ચાર બેઠકો છે. આ અંગે વધુ માહિતી આપે છે અમારા પાટણ જીલ્લાના પ્રતિનિધી રમેશ સોલંકી...

**(બાઇટ- રમેશ સોલંકી)**

# WEATHER

રાજ્યમાં ફરી વળેલું ગરમીનું મોજું આજે પણ યથાવત રહ્યું છે અને મોટાભાગના સ્થળોએ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં એકથી સાત વધુ નોંધાયું છે. સૌથી વધુ 44 ડિગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન અમરેલી, રાજકોટ અને વડોદરામાં નોંધાયું છે.

આ ઉપરાંત સુરેન્દ્રનગર, મહુવા અને કેશોદમાં 43 ડિગ્રી, ભુજ, કંડલા એરપોર્ટ, ભાવનગર, અમદાવાદ અને સુરતમાં 42, ડિસા અને વલ્લભવિદ્યાનગરમાં 41 જ્યારે નલિયા, પોરબંદર અને ગાંધીનગરમાં 40 ડિગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન નોંધાયું છે.

મહુવામાં સામાન્ય કરતાં સાત ડિગ્રી, પોરબંદર અને સુરતમાં સામાન્ય કરતાં છ ડિગ્રી, નલિયા અને કેશોદમાં સામાન્ય કરતાં પાંચ ડિગ્રી વધુ મહત્તમ તાપમાન નોંધાયું છે.

એવી જ રીતે આ સમયગાળામાં રાજ્યમાં ઘણા સ્થળોએ લઘુત્તમ તાપમાન પણ સામાન્ય કરતાં એકથી પાંચ ડિગ્રી વધુ નોંધાયું છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, થોડા દિવસ સુધી રાજ્યમાં ખાસ કરીને સૌરાષ્ટ્રના કેટલાંક જિલ્લાઓમાં ગરમીનું મોજું યથાવત રહે તેવી સંભાવના છે.

## HEATWAFE ACTION PLAN

ગુજરાતમાં હાલમાં તીવ્ર ગરમી પડી રહી છે ત્યારે પશુપાલકો તેમજ ખેડૂતો પાકના રક્ષણ તથા પશુપક્ષીઓની સંભાળ માટે કેટલાક ઉપાયો અપનાવવા તંત્ર અનુરોધ કરવામાં આવ્યો છે. તે જરૂરી છે. જમીનમાં ભેજનું પ્રમાણ જળવાઇ રહે તે માટે ખેડૂતોએ ઉભા પાકને વારંવાર સિંચન કરવું જોઈએ તેમજ પશુઓને લૂથી બચાવવા માટે તથા શુધ્ધ અને ઠંડુ પાણી પૂરી પાડવાની યોગ્ય વ્યવસ્થા કરવા જણાવાયું છે.

ઉપરાંત, નાગરિકોને બપોરના સમયમાં બહાર ન નીકળવા માટે સલાહ અપાઇ છે. ખાસ કરીને બાળકો, વૃદ્ધો, તેમજ લાંબી માંદગી ધરાવતા લોકોને તડકાથી બચવાની અપીલ કરાઇ છે.